(17)

## Chapter: 6 ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ માટે પસંદગી પામેલ એજન્સીએ નોટરી માટે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કરવાનુ થતુ એકરાર નામુ

૧. ન. મ. કૃષિ મહાવિદ્યાલયનો ૧૪ દિવસનો શૈક્ષણિક પ્રવાસ તા. ૦૬/૧૦/૨૦૧૯ થી તા. ૧૯/૧૦/૨૦૧૯ દરમ્યાન આયોજેલ હોય તા. ૦૬/૧૦/૨૦૧૯ ના સવારના ૬.૦૦ કલાકે અમો શરૂ કરીશું અને ટેન્ડરમાં જણાવ્યા મુજબની ત્રણેય બસો સાથે નવનીત હોસ્ટેલ, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, વિજલપોર રોડ, નવસારી ખાતે હાજર થઈ જઈશું. સદર પ્રવાસ ગુજરાત, રાજસ્થાન, દિલ્લી, હિમાચલ પ્રદેશ અને હરિયાણા રાજ્યમાં નિયત કાર્યક્રમ મુજબ કરીશું.

૨. બેઝ લાયસન્સ ધરાવતા બસ દીઠ બે અનુભવી ડ્રાયવરો રાખવામા આવશે. અન્ય રાજ્યોમાંના પ્રવાસ માટેની પરમીટો તેમજ વિદ્યાર્થી તથા સ્ટાફનું બસોની સીટીંગ કેપેસીટી મુજબનું આપના દ્વારા મળેલ લીસ્ટ મુજબ આર.ટી.ઓ. પાસેથી અમોએ પાસ કરાવવાનું રહેશે. પ્રવાસ દરમ્યાન તમામ પ્રકારના ટેક્ષ તેમજ પાર્કિંગ ચાર્જ અમોએ ભરવાના રહેશે. આર.ટી.ઓ., પોલીસ વિગેરે દ્વારા પાર્કિંગને લગતા અથવા અન્ય કારણોસર દંડ કરવામાં આવે તો તેની રકમ સ્થળ પર અમારા ડ્રાયવરે ભરવાની રહેશે તેમજ જે તે રાજ્યના વાહન પરિવહન વિભાગ દિશા નિર્દેશોનું પાલન અમોએ કરવાનું રહેશે.

૩. ત્રણેય બસોમાં જરૂર પડેતો તાત્કાલીક રીપેરીંગ તેમજ તે માટે કારીગર લાવવા લઇ જવાના ખર્ચની જવાબદારી અમોની રહેશે. પ્રવાસમાં શકય એટલી ઝડપથી રીપેરીંગ પૂર્ણ કરવાનુ રહેશે. રીપેરીંગમાં છ કલાકથી વધારે સમય લાગે તેમ હોય તો અમો ટ્રાન્સપોર્ટની અન્ય વ્યવસ્થા કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાની તમામ જવાબદારી નિભાવીશું.

૪. પ્રવાસ દરમિયાન સંભવિત આકસ્મિક સંપૂર્ણ નુકશાનની તમામ જવાબદારી અમોની રહેશે.

૫. પ્રવાસ પૂરો થયા પછી દરરોજ સાંજે બસની સાફ સફાઇ કરવાની રહેશે અને બીજે દિવસે, સાફ સફાઇ થયેલી બસમાં જ પ્રવાસ આગળ વધારવામાં આવશે.

૬. સામાન્ય સંજોગોમાં રાત્રિ પ્રવાસ કરવામાં આવતો નથી. તેમ છતાં, અનિવાર્ય સંજોગોમાં ટુર ઈનચાર્જ ની સુચના મુજબ સાવચેતી રાખી રાત્રિ દરમ્યાન પ્રવાસ પણ કરીશું.

૭. આપે શૈક્ષણિક પ્રવાસ શરૂ થયે, પ્રથમ ૬૦% નાણાં ચેકથી અમોને એડવાન્સમાં આપવાના રહેશે અને ત્યાર પછી બાકી નીકળતા નાણાં પ્રવાસ પૂર્ણ થયેથી નિયત થયેલ <u>પ્રતિ કિ.મી. પ્રમાણે</u> જ ચેક ધ્વારા ચૂકવણું આપે કરવાનું રહેશે. સદર પ્રવાસ <u>૧૪ દિવસનો</u> હોય આપશ્રી દ્વારા નિયત કરાયેલ કાર્યક્રમ મુજબ અંદાજીત <u>૪૧૦૦ કિ.મી.</u> માં અમો પૂર્ણ કરીશું. તેમ છતાં, કુદરતી આફતો અને અનિવાર્ય કારણોસર ટુર ઇન્ચાર્જ/આચાર્યશ્રીની સુચના મુજબ, પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર અમો ગ્રાહ્ય રાખીશું. પ્રવાસના અંતે કિ.મી.ની ગણત્રી ન. મ. કૃષિ મહાવિદ્યાલયની હોસ્ટેલથી બસ ઉપડે ત્યારથી પ્રવાસ પુરો થયે હોસ્ટેલ પરત ફર્યા સુધીની ગણવામાં આવશે. બીલની કુલ રકમમાંથી સરકારશ્રીના નિયમ મુજબનો ટેક્ષ / ટી.ડી.એસ. આપ કાપી લેશો તે અમોને ગ્રાહ્ય રહેશે.

૮. પ્રાથમિક સારવારની કીટ અને અગ્નિશામક સાધનો દરેક બસમાં ઉપલબ્ધ રાખવાની જવાબદારી અમોની રહેશે.

૯. કોઈ પણ પ્રકારના મતભેદો / તકરારના નિવારણ માટે નવસારીની જ્યુડીશ્યલ હદ અમોને માન્ય છે.

10. કુલ પૈકી ૮૦ વિદ્યાર્થીઓ, ૩૬ વિદ્યાર્થીનીઓ અને ૫ જેટલા સ્ટાફ મેમ્બર હોવાથી ૪૫ સીટની ૨ × ૨ પુશબેક નોન એસી ત્રણ બસો અમો આપને આપવા બંધાયેલા છીએ.

ઉપરોક્ત તમામ વિગતો હું સમજી, વિચારીને સંમત થાઉં છું.

નવસારી

તા.16/ 9 /૨૦૧૯

સહી:- ........ [signature]

PRAMUKH TRAVELS

ટ્રાવેલ્સનું નામ (સ્ટેમ્પ) .......... Shilwamegh Complex,

સરનામું :- Opp. Sayaji Vihar Club, Shivabaug, BARODA.

ફોન નંબર :- 9879779730